**Extra No. 431**

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXVI ] WEDNESDAY, DECEMBER 31, 2025 / PAUSHA 10, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IV-C

**Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.**

**કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી**

**હુકમ**

સેક્ટર-૧૧, ગાંધીનગર, ૩૧મી ડિસેમ્બર, ૨૦૨૫

**વંચાણે લીધુ:-**

➢ પોલીસ અધીક્ષકશ્રી, ગાંધીનગરના પત્ર ક્રમાંક નં. એસઓજી/સીમકાર્ડ-STD/PCO જા.નામું/૯૯૧/૨૫, તા.૧૯/૧૨/૨૦૨૫

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ હુકમ**

**નં. ડીસી/જાહેરનામું/વશી.૧૧૯૦૯ થી ૧૧૯૪૦/૨૦૨૫:** ગુપ્તચર સંસ્થાઓના અહેવાલો અને ભુતકાળમાં બનેલ કેટલાક બનાવોથી જણાઈ આવે છે કે, ત્રાસવાદી/અસામાજિક તત્વો, ત્રાસવાદી તેમજ અસામાજિક પ્રવૃત્તિને અંજામ આપતા હોય છે. આ સ્થિતિને નિવારી શકાય અથવા તે અંકુશ મુકી શકાય તે માટે રાજ્યમાં બનતા ગુન્હાઓમાં મોબાઈલ ફોન તેમજ ખોટા નામે લીધેલ સીમકાર્ડનો ઉપયોગ કરતા હોય છે. મોબાઈલ ફોન નેટવર્ક ધરાવતી દરેક કંપનીઓ તરફથી સીમકાર્ડ વેચવા કે ખરીદવા ઉપર કોઈ ચોક્કસ પ્રકારની નિતિનું પાલન કરવામાં આવતુ નથી. આ અંગે મોબાઈલ કંપનીને સોપવાના તથા દસ્તાવેજોની પણ જે તે ડીસ્ટ્રીબ્યુટરો/રીટેઈલરો દ્વારા યોગ્ય ખરાઈ કરવામાં આવતી નથી. આ મોબાઈલ સીમકાર્ડ વેચતા ડીસ્ટ્રીબ્યુટરો/રીટેઈલરો/ફેરીયાઓને અવાર નવાર ચેક કરવામાં આવતા તેઓ પાસે સીમકાર્ડ વેચાણ અંગેના માન્ય કોઈ દસ્તાવેજી આધાર પુરાવા પોતાની પાસે રાખતા નથી કે દસ્તાવેજ ધારકને કયુ સીમકાર્ડ આપવામાં આવેલ છે. તે અંગેની માહિતી પણ રાખતા નથી અને મોબાઈલ ફોનના સીમકાર્ડ માન્ય પુરાવાની તેમજ ખરીદનાર વ્યક્તિની બરાબર ચકાસણી કર્યા વગર તેમજ બોગસ દસ્તાવેજોના આધારે પણ સીમકાર્ડ વેચતા/ખરીદતા હોવાનું જણાઈ આવેલ છે.

વર્તમાન સંજોગોમાં રાષ્ટ્રીય સુરક્ષાને ધ્યાને લઈ ગાંધીનગર જિલ્લામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સીમકાર્ડના ખરીદ તથા વેચાણ કરનાર ઉપર કાયદાકીય નિયંત્રણ હોવું ખૂબ જ જરૂરી છે. જેથી ગાંધીનગર જિલ્લાની હદમાં આવેલ તમામ મોબાઈલ ફોન સર્વિસ પ્રોવાઈડર કંપનીઓ તેના ડીસ્ટ્રીબ્યુટરો, જથ્થાબંધ વેપારી અને રીટેઈલ વેપારીઓએ સીમકાર્ડના ખરીદ અને વેચાણ અંગે નીચે જણાવ્યા મુજબના નિયમોનું પાલન કરવું આવશ્યક છે.

(૧) મોબાઈલ કંપનીઓ તરફથી વેચાણ માટે ડીસ્ટ્રીબ્યુટરો કે જથ્થાબંધ વેપારીઓને આપવામાં આવતા સીમકાર્ડના નંબરોનું રજીસ્ટર એરીયાવાઈઝ ડીસ્ટ્રીબ્યુટરોએ અને જથ્થાબંધ વેપારીઓએ નિભાવવું.

(૨) ડીસ્ટ્રીબ્યુટરો કે જથ્થાબંધ વેપારીઓ તરફથી રીટેલરોને વેચાણ માટે આપવામાં આવતા સીમકાર્ડ નંબરોનું રજીસ્ટર રીટેલરોએ પણ નિભાવવું, જેમાં જે તે નંબર કઈ વ્યક્તિને વેચવામાં આવેલ છે અને સાથોસાથ તે માટે જે દસ્તાવેજો લેવામાં આવેલ હોય તેની પણ વિગતવાર નોંધ કરવી.

(૩) મોબાઈલ કંપનીઓએ તેમના સીમકાર્ડનું વેચાણ કરતા ડીસ્ટ્રીબ્યુટરો અને તેના રીટેલરોની યાદી તેઓના કંપની કોડ સાથેની નજીકના પોલીસ સ્ટેશન તેમજ પોલીસ અધીક્ષકની કચેરીએ મોકલી આપવી તેમજ આ યાદીમાં ફેરફાર થાય તો તેની પણ જાણ કરવી.

(૪) સીમકાર્ડ ખરીદવા આવનાર વ્યક્તિ જે દસ્તાવેજો આપે છે તે દસ્તાવેજોની પ્રાથમિક ચકાસણી કરવી એ રીટેલરની જવાબદારી હોય તે દસ્તાવેજો જેવા કે ફોટો આઈ.ડી. ધરાવતા દસ્તાવેજો સાથે અલગથી આપવામાં આવતા પાસપોર્ટ સાઈઝના ફોટાની સરખામણી કરવી.

(૫) મોટાભાગે દસ્તાવેજોની ખરાઈ કરવા માટે ખાનગી પેઢીઓને કોન્ટ્રાક્ટ સોંપવામાં આવે છે આવા સંજોગોમાં તેવા લોકોની પૂરેપૂરી માહિતી મોબાઈલ કંપનીઓએ સ્થાનિક પોલીસને આપવી.

(૬) મોબાઈલ સીમના ડીસ્ટ્રીબ્યુટરો સીમકાર્ડના વેચાણ અર્થે સીમકાર્ડ કોઈપણ ફેરીયા કે પાનના ગલ્લાવાળાઓને આપતા જણાઈ આવેલ છે, જે ખૂબ જ ગંભીર બાબત છે જેથી આવા સીમકાર્ડનું વેચાણ ફક્ત નગરપાલિકા કે ગ્રામપંચાયતમાં શોપ એક્ટ હેઠળ નોંધાયેલ લાયસન્સ ધારકને જ વેચવા આપે તેવી વ્યવસ્થા કરવી.

(૭) મોબાઈલ કંપનીઓએ કોઈપણ મોબાઈલ સીમકાર્ડનું એક્ટીવેશન કરતા પહેલા સીમકાર્ડ ખરીદનારે આપેલ દસ્તાવેજોની યોગ્ય ચકાસણી કર્યા બાદ જ સીમકાર્ડ એક્ટીવ કરવું.

**જૂના મોબાઈલ ખરીદતી/વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર**

| અ.નં. | મોબાઈલની વિગત / કંપની | IMEI નંબર | મોબાઈલ વેચનાર / ખરીદનારનું નામ, સરનામાની વિગત | આઈ.ડી. પ્રુફની વિગત |
|---|---|---|---|---|
| | | | | |

**નવુ સીમકાર્ડ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર**

| અ.નં. | સીમકાર્ડની વિગત / કંપનીનું નામ | સીમકાર્ડ નંબર | સીમકાર્ડ ખરીદનારનું નામ, સરનામું | સીમકાર્ડ ખરીદનારના આઈ.ડી. પ્રુફની વિગત | સીમકાર્ડ ખરીદનારની સહી |
|---|---|---|---|---|---|
| | | | | | |

આ ઉપરાંત સ્થાનિક એસ.ટી.ડી./પી.સી.ઓ. ઉપરથી બનાવટી કોલ (ફેક કોલ) દ્વારા ધમકી આપવાના, ખંડણી માંગવાના, અપશબ્દો બોલવાના, મહિલાઓની જાતિય સતામણી કરવાના, ખોટી માહિતી આપવાના વિગેરે કિસ્સાઓ રોજબરોજ વધી રહેલ છે. જિલ્લા કક્ષાએ કાયદો અને વ્યવસ્થાની જાળવણીના હેતુસર તમામ એસ.ટી.ડી./પી.સી.ઓ. ધારકોએ કોલરની આઈડેન્ટીટી ચકાસવા તેમજ કોલ ડીટેઈલની નામ-સરનામાની માહિતીનું રજીસ્ટર નિભાવવામાં આવે તે ખૂબ જ જરૂરી છે. પરિણામે સ્થાનિક એસ.ટી.ડી./પી.સી.ઓ.માંથી ધમકી આપવાના, ખંડણી માંગવાના, અપશબ્દો બોલવાના, મહિલાઓને જાતિય સતામણી કરવાના, ખોટી માહિતી આપવાના વિગેરે કિસ્સાઓ બનતા અટકશે અને આવો કિસ્સો બનતા ગુનેગારોને પકડવામાં સરળતા રહેશે.

(૧) એસ.ટી.ડી./પી.સી.ઓ. સંચાલકની નજર સામે રાખવા

(૨) ટેલીફોન ઉપર વાત કરનાર વ્યક્તિ પોતે તેને જોઈ શકે તેટલું નજીક રાખવું જેથી તેની વર્તણુંક ઉપર ધ્યાને રાખી શકાય.

(૩) કોઈન બોક્ષ ટેલીફોન માલિકે પોતાની પાસે રાખવા ગ્રાહક માંગે ત્યારે આપે જેથી ગ્રાહકની ઓળખ માલિકને થઈ શકે.

(૪) કોઈન બોક્ષ ટેલીફોન નજીક હશે તો કોઈ પણ વ્યક્તિ કોઈને ધમકી આપશે, ખંડણી માંગશે અથવા કોઈની સાથે બિભત્સ વાત કરશે તો પકડાઈ જશે.

(૫) એસ.ટી.ડી./પી.સી.ઓ. કોઈન બોક્ષ ટેલીફોન ઉપર સી.સી.ટી.વી. કેમેરા લગાડવા.

ઉપરોક્ત તમામ કાર્યવાહી સમગ્ર ગાંધીનગર જિલ્લાને લાગુ પડતા પશ્ચિમ રેલવે પોલીસ સ્ટેશન વિસ્તારનો પણ સમાવેશ કરવામાં આવે છે.

રાષ્ટ્રીય હિત માટે પોલીસ તંત્ર અસરકારક કામગીરી કરી શકે અને જાહેર જનતાનો સહકાર ઉપરોક્ત હેતુસર સાચી દિશામાં મળી રહે તે સારૂ પ્રવર્તમાન સંજોગોને અનુલક્ષી જિલ્લામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુથી સીમકાર્ડના ખરીદ તથા વેચાણ કરનાર ઉપર નિયંત્રણ લાવવા તથા તમામ એસ.ટી.ડી./પી.સી.ઓ. ધારકોએ કોલરની આઈડેન્ટીટી ચકાસવા તેમજ કોઈન ડીટેઈલની, નામ-સરનામાની માહિતીનું રજીસ્ટર ફરજિયાત નિભાવવા અંગેના નિયમોનુ જાહેરનામું બહાર પાડવા પોલીસ અધીક્ષકશ્રી, ગાંધીનગરનાઓએ વંચાણમાં લીધેલ પત્રથી અત્રે દરખાસ્ત કરેલ છે.

સબબ, હું મેહુલ કે. દવે આઇ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે, ગાંધીનગર જિલ્લાના સમગ્ર વિસ્તાર (ગાંધીનગર શહેર સહિત)માં મોબાઈલ સીમકાર્ડ કે મોબાઈલ ફોનનું વેચાણ કરતા ડીસ્ટ્રીબ્યુટર્સ/રીટેઈલરોને કોઈપણ વ્યક્તિને નવું મોબાઈલ સીમકાર્ડ કે મોબાઈલ ફોન આપતા પહેલા, મોબાઈલ સીમકાર્ડ કે મોબાઈલ ફોનનું વેચાણ કરતા જે તે વ્યક્તિના જરૂરી ઓળખના પુરાવા લઈ, તેની ચોક્કસ ખાતરી કર્યા બાદ, તે જ વ્યક્તિને મોબાઈલ સીમકાર્ડ કે મોબાઈલ ફોન વેચવામાં આવે અને વેચાણ અંગેનું રજિસ્ટર મુજબ ફરજિયાત નિભાવવા હુકમ કરૂ છું.

આ હુકમ તા.૦૧/૦૧/૨૦૨૬ થી તા.૦૧/૦૩/૨૦૨૬ સુધી બંને દિવસો સહિત અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમમાં ગાંધીનગર જિલ્લામાં ફરજ બજાવતાં હે. કોન્સ. કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

તમામને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી શક્ય ન હોઈ, આથી એકતરફી હુકમ કરૂ છું કે,જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો મારફતે બહોળી પ્રસિદ્ધિ દ્વારા તથા જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનો/પોલીસ ચોકીઓ, તમામ મામલતદાર કચેરીઓ, તમામ તાલુકા પંચાયત કચેરીઓ તથા પોલીસ અધીક્ષકશ્રી, ગાંધીનગરની કચેરીના નોટીસ બોર્ડ પર આ હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવામાં આવશે તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ પર હુકમની નકલ ચોટાડી પ્રસિદ્ધિ કરવામાં આવશે. જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના જવાબદાર અધિકારીશ્રીએ આ હુકમની જાહેર જનતા સહેલાઈથી વાંચી શકે તે રીતે યોગ્ય સાઈઝના બોર્ડ બનાવી તેઓના કાર્યક્ષેત્રમાં આવેલ જાહેર સ્થળોએ મુકવાના રહેશે. આ હુકમને સરકારશ્રીના અસાધારણ રાજ્યપત્રમાં પ્રસિદ્ધ કરવો.

આજ તા.૩૧/૧૨/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

**મેહુલ કે. દવે,**
જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર.

----------

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press,
Gandhinagar
Date : 2026.01.27 21:42:43 IST